જા.ન.:મા-૧/વર્ચ્યુ.શાળા/૨૦૨૦/ 11905

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ-૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
તા.૧૭/૧૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની માધ્યમિક અને ઉ.મા. શાળાઓ (સરકારી/ગ્રાન્ટેડ/નોન- ગ્રાન્ટેડ) તમામ,
જિ.-સુરત.

**વિષય:** ગુજરાત વર્ચ્યુઅલ શાળા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સમગ્ર શિક્ષા અભ્યાન, ગુજરાત નાં હોમ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત વર્ચ્યુઅલ શાળાના નવા વર્ષથી નવા અભિગમ સાથે તા.૧૯/૧૧/૨૦૨૦ થી રાબેતા મુજબ ધોરણ-૯, ૧૦ અને ૧૨ નાં ઓનલાઇન વર્ચ્યુઅલ ક્લાસ ચાલુ થવા જઈ રહ્યા છે. સુરત શહેર/જિલ્લાની શાળાના તમામ વિદ્યાર્થીઓ વર્ચ્યુઅલ ક્લાસમાં જોડાય અને દર શનિવારે વર્ચ્યુઅલ ક્લાસ અંતર્ગત ઓનલાઈન પરીક્ષામાં વધુ માં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

E.I./A.E.I. દ્વારા દરરોજ શાળા વર્ચ્યુઅલ ક્લાસની PDF વોટ્સેપ દ્વારા SVS ગ્રુપમાં મુકવામાં આવશે. ઓક્ટોબર માસમાં જિલ્લામાં સારી કામગીરી દેખાઈ ન હતી પરંતુ આગામી સમયમાં વર્ચ્યુઅલ શાળામાં સારી કામગીરી દેખાય તેવા તમામ પ્રયત્ન આચાર્યશ્રીઓએ કરવા અને શાળાના આચાર્યએ ધોરણ-૯, ૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીઓને દરરોજ PDF મોકલવાની જવાબદારી વર્ગ શિક્ષકને સોપવી.

દર શનિવારે ઓનલાઈન પરીક્ષામાં ભાગ લીધેલ વિદ્યાર્થીની સંખ્યાની માહિતી શાળાના આચાર્યશ્રીયે QDC કન્વીનરને તથા QDC કન્વીનરે SVS કન્વીનરને અને SVS કન્વીનરે E.I./A.E.I. ને અચૂક મોકલવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.-સુરત

**નકલ રવાના:** તમામ E.I./A.E.I., સદર કચેરી.
૨/- દેખરેખ રાખવા સારૂ..

**નકલ રવાના:** જાણ અને અમલ સારૂ..

- તમામ SVS અને QDC કન્વીનરશ્રીઓ